ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨/૨૪–૨૫/ 580 તારીખ : 20 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચુડાસમા શામજીભાઈ હીરાભાઈ,**
કે. કે. મીલ કમ્પાઉન્ડ, ખોડીયાર નગર,
ગામ–તા. મહુવા,
જી. ભાવનગર
મો.નં– ૯૦૧૬૮ ૪૧૭૫૮.

| કેસ નં.૧૨/૨૪–૨૫ |
|---|

**વિષય : ખેતીવાડીનું કપાયેલ કનેકશન પૈસા ભરી આપતા ચાલુ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૦૪/૨૦૨૪, અત્રેની કચેરીને મળ્યા તા.૨૨/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૪–૨૫/૩૭૦ તા.૨૩/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૪–૨૫/૪૩૫ તા.૧૩/૦૫/૨૦૨૪.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૪–૨૫/૫૦૩ તા.૩૧/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૫/૨૦૨૪ તથા તા.૧૨/૦૬/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

O/C

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૧.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૨/૨૪–૨૫** ☜

**વાદી** :– **શ્રી ચુડાસમા શામજીભાઈ હીરાભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૨/૦૬/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી ચુડાસમા શામજીભાઈ હીરાભાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **(૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
(૨) શ્રી એ. એન. ચૌહાણ, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મહુવા ગ્રામ્ય–૧.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચુડાસમા શામજીભાઈ હીરાભાઈ, મુ.મહુવા, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડીનું કપાયેલ કનેકશન પૈસા ભરી આપતા ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૨/૨૪–૨૫/૩૭૦ તા.૨૩/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૮/૦૫/૨૦૨૪** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી હાજર રહેલ નથી. જેથી અન્ય મુદત **તા.૧૨/૦૬/૨૦૨૪** ના રોજ રાખવામાં આવેલ, જેમાં વાદી શ્રી ચુડાસમા શામજીભાઈ હીરાભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે(૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી એ. એન. ચૌહાણ, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મહુવા ગ્રામ્ય–૧ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલલાના મહુવા તાલુકાનું ગામ–નાના આસરાણામાં ઉગલવાણ રોડ ઉપર અમારી ખેતીવાડી આવેલ છે. અમારે ૭.૫ એચપીનું વીજ કનેકશન ચાલે છે. અમે ખેતીવાડીમાં વાવેતર કરતા નથી. મીનીમમ જે બીલ આવે તે એકસાથે ભરી આપીએ છીએ. અમારી વીજ કચેરી મહુવા રૂરલ–૧ માં છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ કચેરીમાંથી કર્મચારીના ફોન આવતા નથી. વીજ કચેરીમાંથી માર્ચ એન્ડીંગ હોવાથી વીજબીલના નાણા બાકી હોવાથી અમારા વીજ કનેકશનનું મીટર કર્મચારી ઉતારી લઈ ગયેલ. અમારી આસપાસના શેઢા પાડોશીએ અમને જાણ કરેલ કે તમારા વીજ કનેકશનનું મીટર નાણા બાકી હોવાથી ઉતારી લઈ ગયેલ છે.

૧.૩ તેથી હું અમારી વીજ કચેરી મહુવા રૂરલ–૧ માં થયેલ અને અધિકારી કર્મચારીને જણાવેલ કે કેટલા બીલના નાણા બાકી છે. તેણે જણાવેલ કે રૂ.૩૧૦૦/– બાકી છે. તા.૩૧/૦૩/૨૦૨૪ ના રોજ રવિવાર હોવાથી અમે તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ બેંકમાંથી નાણા ઉપાડી કચેરીમાં આપેલ. કર્મચારીએ તારીખ વગરની રૂ.૩૧૦૦/– ની પહોંચ નં.૨૦૯૧૭૩ આપેલ અને જણાવેલ કે તમારૂ વીજ કનેકશન અમે X માં નાખેલ છે. આ કનેકશન તમને મળશે નહી. નવા આધાર પુરાવા આપી નવું કનેકશન મેળવી લેવું, તેમ જણાવેલ.

૧.૪ ત્યારબાદ તા.૨૧/૦૩/૨૦૨૪ ની નોટીસ જાવક નં.૧૧૨૭ થી લખાયેલ કચેરીમાંથી મોડી રવાના કરેલ તે અમને મળેલ નોટીસમાં લખેલ તારીખ પહેલા બાકી નાણા ભરી આપેલ છે તો રી–કનેકશન ચાર્જ લઈ વીજ કનેકશન લગાડવા હુકમ કરવા બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા વિનંતી છે. આ સાથે આધાર પુરાવા જોડેલ છે. અમારી ફરીયાદનો ઝીણવટથી અભ્યાસ કરાવી હુકમ કરવા વિનંતી છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નું નામ – શ્રી શામજીભાઈ હીરાભાઈ ચુડાસમા. ગ્રાહક નં.૩૭૦૧૭/૦૫૬૪૬/૯. કેટેગરી – A2, 7.5. રીલીઝ તા.૧૭/૦૯/૨૦૧૬. પીડીસી તા.–૨૦/૦૩/૨૪.

૨.૨ વાદીશ્રી શામજીભાઈ હીરાભાઈ ચુડાસમાનું કે.કે.મીલ કમ્પાઉન્ડ, ખોડીયાર નગર, તા.મહુવા, જી.ભાવનગર રહેણાંક છે. તેઓના ગામ–નાના આસરાણામાં ઉગલવાણ રોડ પર ખેતીવાડી આવેલ છે અને તેઓને ૭.૫ હો.પા.નું વીજ કનેકશન ચાલુ હતું.

૨.૩ વાદીશ્રી શામજીભાઈ હીરાભાઈ ચુડાસમાનું સદર ખેતીવાડી વીજ કનેકશન તા.૧૭/૦૯/૨૦૧૬ ના રોજ મહુવા રૂરલ–૧ કચેરી દવારા રીલીઝ કરવામાં આવેલ હતું અને વાદીને સદર વીજ કનેકશનનું બાયમંથલી બીલીગ પણ કરવામાં આવતું હતું પરંતુ તેઓ દવારા સદર વીજ કનેકશનના બીલના નાણા સમયસર ભરપાઈ કરેલ નથી.

૨.૪ વાદીશ્રીનું સદર ખેતીવાડી વીજ કનેકશનનું લેઝર તપાસતાં તેઓ દવારા છેલ્લે તા.૨૪/૧૧/૨૧ ના રોજ રૂા.૧૧૭૦/– ભરપાઈ કરેલ હતાં. ત્યારબાદ તેઓ દવારા બીલની રકમ ભરપાઈ કરેલ નથી. તેઓ દવારા કયારેય પણ નિયમીત બીલ ભરપાઈ કરેલ નથી. જેથી માર્ચ–૨૦૨૪ ના અંતે તેઓના વીજબીલની બાકી લેણાની રકમ રૂા.૩૦૦૬/– હતી.

૨.૫ વાદી દવારા તેઓના સદર ખેતીવાડી વીજ કનેકશનનું વીજબીલ આશરે બે વર્ષથી વધુ સમયથી ભરપાઈ કરેલ નથી. જેથી મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરી દવારા સદર વીજ કનેકશન તા.૨૦/૩/૨૪ ના રોજ ડીસ કનેકશન કરી, મીટર ઉતારી દીધેલ અને સી.આર. નં.૪૨૦૯ તા.૨૦/૦૩/૨૪ ના રોજ મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરીના સ્ટોરમાં જમા લીધેલ અને તા.૨૧/૦૩/૨૪ ના રોજ આખરી નોટીસ આપવામાં આવેલ.

P.G.V.C.L. Bhavnagar

..૬ વાદી દારા બે વર્ષથી વધુ સમયથી વીજબીલ ભરપાઈ કરેલ ના હોવાથી સદર કનેકશન તા.૨૦/૦૩/૨૪ ના રોજ રદ કરેલ છે. અને નવા વીજ કનેકશન માટે તેઓએ ફરી અરજી કરવાની રહેશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી શામજીભાઈ હીરાભાઈ ચુડાસમા ગામ–નાના આસરાણા ખાતે ૭.૫ એચ.પી. નું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.૩૭૦૧૭/૦૫૬૪૬/૯ થી ધરાવે છે તથા તેમના જુના બાકી લેણા ભરપાઈ કરી આપવા છતાં કનેકશન પ્રતિવાદી દવારા ચાલુ કરી આપવામાં ન આવતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે જેમાં વાદી હાજર રહેલ નથી. અને પ્રતિવાદી એ હાજર રહી રજુઆતો કરેલ છે.

આજરોજ તા.૧૨/૦૬/૨૦૨૪ ની બીજી સુનાવણીમાં બનને પક્ષકારો હાજર રહેલ છે અને તેમની રજુઆતો કરેલ છે.

૩.૩ બન્ને પક્ષકારોની લેખિત/ મૌખિક રજુઆતો, બીલીગ રેકોર્ડ અને અન્ય દસ્તાવેજોને ઘ્યાને લેતાં ફોરમનું તારણ નીચે મુજબ છે.

(૧) વાદી ૨૦૨૧ થી પ્રતિવાદી ને વીજબીલ પેટે નાણા ભરપાઈ કરતાં ન હોય, પ્રતિવાદી દવારા રૂા.૩૦૦૬/– ની વસુલાત પેટે તા.૨૦/૦૩/૨૪ ના રોજ વાદીનું મીટર ઉતારીને તા.૨૧/૦૩/૨૪ ના રોજ નોટીસ આપી, એક મહીનામાં રકમ ભરપાઈ કરવા જણાવેલ.

પરંતુ એક માસ પહેલા જ પ્રતિવાદી દવારા વાદીના કનેકશનને કાયમી ધોરણે રદ કરી X કરી નાખેલ છે. આમ, વાદીને વીજ કનેકશનની પી.ડી.સી. કરવાની કાર્યવાહી GERC ના નોર્મ્સ મુજબ કરવામાં આવેલ નથી અને ખોટી પ્રોસીઝર કરેલ છે.

(૨) પ્રતિવાદીની તા.૨૧/૦૩/૨૪ ની નોટીસ સામે વાદી દવારા રકમ રૂા.૩૧૦૦/– પહોંચ નં.૨૦૯૧૭૩ થી તા.૦૧/૦૪/૨૪ થી ભર્યા હોવાનું જણાવી, પહોંચ રજુ કરેલ. જેને ઘ્યાને લેતા સદરહુ રસીદમાં તારીખ લખેલ ન હતી તદઉપરાંત વાદીના ખાતામાં રકમ જમા દર્શાવેલ ન હતી, જે ખૂબ જ ગંભીર બાબત છે.

(૩) વાદીના મીટરના લેબ પરીક્ષણના રીપોર્ટ મુજબ વાદીના વીજમીટરમાં રીડીગ ૧૨૫૯૬ છે જયારે લેઝરમાં રહેલ અંતિમ યુનિટ ૧૧૫૫૩ ને ઘ્યાને લેતા તફાવત ના ૧૦૪૩ યુનિટનું બીલ પણ પ્રતિવાદી દવારા વાદીને આપવામાં આવેલ નથી.

૩.૪ ઉપરોક્ત અવલોકનો અને વિગતોના આધારે ફોરમ એવા નિષ્કર્ષ ઉપર આવેલ છે કે ગ્રાહકનું ખેતીવાડી હેતુનું વીજ જોડાણ કાયમી ઘોરણે બંધ કરવા માટે નિયમ મુજબની કોઈ પ્રક્રિયા થયેલ નથી. અને મનસ્વી રીતે વીજ જોડાણ બંધ કરીને ગ્રાહક ને માનસિક તેમજ આર્થીક નુકશાન કરવામાં આવેલ છે ગ્રાહકની વારવારની વિનંતી છતાં તેમનું વીજ જોડાણ ચાલુ થઈ શકે નહિ અને પુન:જોડાણ કરવા માટે અરજી કરવાની રહેશે તે મુજબનું પ્રતિવાદી પીજીવીસીએલનું વલણ યોગ્ય નથી.

P.G.V.C.L. Bhavnagar

તદ્દપરાંત ગ્રાહક રૂબરૂ સુનાવણીમાં પીડીસી ટુ રી-ઓપન કરવામાં જરૂરી અરજી માટેની પ્રક્રિયા કરવા માટે સમંત થતા નથી કારણકે જરૂરી સમંતિ પત્ર લેવામાં તેમને મુશ્કેલી પડે તેમ છે.

આ સંજોગોમાં હુકમ કરવામાં આવે છે કે આ રદ કરેલ ખેતીવાડી જોડાણ તુરંત જ ચાલુ કરી આપવું અને તે માટેની મંજુરી સક્ષમ અધિકારી પાસેથી ત્વરિત મેળવવી. વાદીનું મીટર ઉતારેલ તે વખતનું છેલ્લું રીડીંગ ૧૨૫૯૯ હતું જે મુજબ નું બીલ પણ વસુલવાની કાર્યવાહી કરવી.

તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને ફોરમ ને દિન ત્રીસમાં અહેવાલ કરવાનો રહેશે. વાદી પાસે રૂપિયા ૩૧૦૦/- ની પાવતી છે પરંતુ તેમાં તારીખ નથી. આ પાવતી રદ કરવાની કાર્યવાહી કરવી અને નવીન પાવતી ઇસ્યુ કરવી. આ ગંભીર કૃત્ય બદલ લાગતા વળગતા ની જવાબદારી નક્કી કરી અને શિસ્તભંગ ની કડક કાર્યવાહી હાથ ધરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**( પી.જે. મહેતા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Redressal Forum
PGVCL
Bhavnagar

તારીખ :– **૧૨/૦૬/૨૦૨૪.**